|| સનાતન પરમો ધર્મ ||
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર
સોસીયલ મિડીયા
પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

Email: office@sanatandharmpatrika.com Web: www.sanatandharmpatrika.com
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ નખત્રાણા-કચ્છ
● સં.૨૦૭૮ ● માગસર વદ-૫ ● તા.૨૪-૧૨-૨૧ ● શુક્રવાર SDP NO:614 MOB.:+91 7801877774,+91 7718977774 ankasantandharmpatrika@gmail.com

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ પૂર્વ કચ્છ રિજીયનગ્રીનલેન્ડ કાઉન્સિલ સ્વાસ્થ્ય સુરક્ષા અભિયાન

|| સનાતન પરમો ધર્મ ||
SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR YUVASANGH
ગ્રીન લેન્ડ કાઉન્સીલ
પુર્વ કચ્છ રીજીયન
2021-2023 PURV KUTCH REGION
આરોગ્ય
www.yuvasangh.org
SHRI KKPS BHUJ ZONE SHRI KKPS MANDVI ZONE
મહિલા સંઘ SHRI KKPS BHUJ ZONE SHRI KKPS MANDVI ZONE

સ્વાસ્થ્ય સુરક્ષા અભિયાન

૨૬ ડીસેમ્બર ૨૦૨૧ થી ૩૦ જાન્યુઆરી ૨૦૨૨

માત્ર ~~4000/-~~ ₹750/-

હેલ્થ ચેકઅપ શું કામ જરૂરી છે ?
આપ આપની કાર, સ્કુટર કે રીક્ષા (વાહનોની) નિયમીત સર્વિસ કરાવો છો જેથી કરીને નાની મોટી તકલીફો દુર થાય અને ગંભીર અકસ્માતથી બચી શકાય.

પરંતુ આપના શરીરરૂપી વાહનની કેટલી વાર તપાસ કરાવો છો ?

હાલની આધુનિક અને સ્ટ્રેસ ભરેલી જીવનશૈલીને કારણે આપણને અનેક રોગો લાગુ પડી શકે છે, આવા રોગોનું વહેલામાં વહેલી તકે નિદાન અને સારવાર થાય તો ગંભીર બિમારીના ભોગ બનવાથી બચી શકાય તે માટે શરીરરૂપી વાહનની સાર-સંભાળ (હેલ્થ ચેકઅપ) જરૂરી છે.

યુવા સંઘને ૫૦ વર્ષ પુર્ણ થતાં **સ્વર્ણિમ વર્ષ** નીમીતે કચ્છ પૂર્વ રીજીયન (KPR) દ્વારા રાહત દરે ૨૬ ડીસેમ્બર થી ૩૦ જાન્યુઆરી ૨૦૨૨ સુધી મેડિકલ ચેકઅપનુ આયોજન કરવામાં આવશે. આ મેડીકલ ચેકઅપમાં બ્લડના વિવિધ પ્રકારના ૫૯ ટેસ્ટ કરવામાં આવશે. જેમાં વધુ થી વધુ જ્ઞાતિજનો આ અભિયાનનો લાભ મેળવે તેવી અપેક્ષા.

આ અભિયાન માં લાભ લેવા ઈચ્છુક જ્ઞાતિજનોએ સ્થાનિક યુવામંડળના કાર્યકર્તાનો સંપર્ક કરવો.

Complete Hemogram (24)
લોહીની ઘનતા માપવા તથા ટોટલ બ્લડ કાઉન્ટ તપાસ
Diabetes Profile(2)
ત્રણ મહિનાનું શુગર
HbA1c
Average Blood Glucose (ABG)
Iron Deficiency Profile(3)
લોહતત્વના ઉણપ માટેની તપાસ
Total Iron Binding Capacity (TIBC)
% Transferrin Saturation
Iron
Kidney Profile (5)
કીડની ની તપાસ
Calcium
Uric Acid
Bun/ Sr Creatinine Ratio
Creatinine - Serum
Blood Urea Nitrogen (BUN)
Lipid Profile (8)
હૃદયમાં ચરબીનુ પ્રમાણ જાણવાની તપાસ
LDL Cholesterol - Direct
LDH/HDL Ratio
VLDL Cholesterol
TC/HDL Cholesterol
Non-HDL Cholesterol
Total Cholesterol
HDL Cholesterol - Direct
Triglycerides
Thyroid Stimulating Hormone (TSH)
થાઈરોયડ ની તપાસ
Liver Profile (11)
લીવરની સંપુર્ણ તપાસ
Protein -Total
serum Albumin/Globulin Ratio
Aspartate Aminotransferase (SGOT)
Bilirubin (Indirect)
Albumin - serum
Alkaline Phosphatase
Bilirubin - Direct
Alanine Transaminase (SGPT)
Serum Globulin
Bilirubin -Total
Gamma Glutamyl Transferase (GGT)
Vitamin Profile (2)
વિટામીન ની તપાસ
25-OH Vitamin D (Total)
Vitamin B-12
Electrolytes (3)
લોહીમાં સોડિયમ, પોટેશીયમ અને ક્લોરાઈડ ની તપાસ
Chloride
Potassium
Sodium

Reports Done By:- Thyrocare The Trust. The Truth.

સહયોગી દાતાશ્રી : સ્વ. પ્રેમજીભાઈ ભાણજીભાઈ કેસરાણીની સ્મૃતિમાં
નોંધ : ટેસ્ટ કરાવવા આવતા સમયે ૧૦:૦૦ કલાક ખાલી પેટે હોવુ જરૂરી છે.
આ અભિયાન ના સભ્ય યુવામંડળોએ જ્ઞાતિજનોના હેલ્થ ચેકઅપ માટે નીચે દર્શાવેલ કાર્યકરોનો સંપર્ક કરવો.
કચ્છ પુર્વ રીજીયન હેલ્થ એન્ડ ડીઝાસ્ટર ટીમ

ડૉ. રતનભાઈ પ્રેમજીભાઈ ગોગારી (ગાંધીધામ) - 9825812340 હિતેશભાઈ રતીલાલભાઈ પોકર (અંજાર) - 9824733408
ડૉ. મીતાબેન રતનભાઈ ગોગારી (ગાંધીધામ) - 9925812340 કૃપેશભાઈ રવીલાલભાઈ પોકાર (રાયણ) - 9712201403

હેલ્થ એન્ડ ડીઝાસ્ટર ટીમ દ્વારા ૨૬ ડીસેમ્બર ૨૦૨૧ થી ૩૦ જાન્યુઆરી ૨૦૨૨ સુધી રિજીયનના તમામ મંડળમાં આ અભિયાન યોજાશે જેમાં ૨૬ ડિસેમ્બર ના રોજ શ્રી ગંગાપર પાટીદાર સમાજ ખાતે સ્થાનીક સમાજ અને યુવક મંડળ પૂર્વ કચ્છ રિજીયન ના સથવારે અભિયાન ની શરૂવાત થાય છે, જેમાં માંડવી ઝોન સમાજ અને પૂર્વ કચ્છ રિજીયન સ્નેહમિલન નું પણ આયોજન રાખવામાં આવેલ છે.

યુવાસંઘને ૫૦ વર્ષ પુર્ણ થતાં સ્વર્ણિમ વર્ષ નીમીત્તે કચ્છ પૂર્વ રિજીયન દ્વારા રાહત દરે ૩૫ દિવસ ચાલનારા સ્વર્ણિયમ મેડિકલ ચેકઅપ કેમ્પનું સતત આયોજન વધુ થી વધુ જ્ઞાતિ જનો ને અભિયાન નો લાભ અપાવવા પુરતા પ્રયાસો હાથ ધરવામાં આવશે. જેમાં બ્લડના વિવિધ પ્રકારના ૫૯ ટેસ્ટ રીપોર્ટ પણ કરી આપવા માં આવશે. જીતેશ હળપાણી

શ્રીસમાજના પ્રમુખશ્રી ની બેંગલોર માં હોસ્પિટલની શુભેચ્છા મુલાકાત

દક્ષિણ કર્ણાટક ઝોન મા બેંગ્લોર મધ્યે ડોક્ટર શરણ પાટીલની સ્પર્શ હોસ્પિટલની મુખ્ય હોસ્પિટલ ની શુભેચ્છા મુલાકાત તા.૨૩.૧૨.૨૦૨૧ ના રોજ લીધેલ હતી.

મુલાકાત લેનાર
૧. અબજીભાઈ કાનાણી પ્રમુખશ્રી કેન્દ્રીય સમાજ
૨. દામજીભાઈ ધનજી હળપાણી, પ્રમુખશ્રી પાટીદાર પરિવાર સમાજ
૩. રમેશભાઈ માવજી વાગડીયા, ઉપ પ્રમુખ પાટીદાર પરિવાર સમાજ મૈસુર રોડ,
૪. પ્રવીણ ધીરજલાલ પોકાર, પ્રમુખશ્રી યુવક મંડળ મૈસુર રોડ સમાજ.

હોસ્પિટલ તરફથી હાજર સંજીવ રેડ્ડી ડાયરેક્ટર અને રમેશ ગત્તું સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ, સ્પર્ષ હોસ્પિટલ, બેંગલોર.

ડો. શરણ પાટીલ ભારતના ટોપ બે ઓર્થોપેડીક ડોક્ટર માં ના એક છે.સ્પર્ષ હોસ્પિટલ બેંગલોર માં પાંચ હોસ્પિટલોની ચેઇન ધરાવે છે. આ હોસ્પિટલ મલ્ટી સ્પેશિયાલીટી છે અને તેઓ બેંગલોરની આપણી શ્રી પાટીદાર પરિવાર સમાજ જોડે આપણી અનુકૂળતાએ ટાઈઅપ કરવા માંગે છે અને આપણે પણ ટાઇઅપ કરશું. ભવિષ્યમા આવી હોસ્પિટલો મા ઓળખાણ અતિ મહત્વનું છે. માટે દરેક મોટાં શહેરોમાં સમાજો દ્વારા આવી વ્યવસ્થા કરવામાં આવે તો આપણી જ્ઞાતિ ને ઘણો લાભ મળી શકે છે.

બેંગલોર મધ્યે આવી મોટી હોસ્પિટલ તથા તેમના ડોક્ટર તથા ડાયરેક્ટર સાથેની શુભેચ્છા મુલાકાત તેમાં આપણાં કેન્દ્રીય સમાજ ના પ્રમુખશ્રી અબજીભાઈ કાનાણી પણ યોગાનુયોગ બેંગલોર મા હોય તેઓ પણ સાથે જોડાયા હતા. મૈસૂર રોડ સમાજના આગેવાનો તથા યુવાનો ને ધન્યવાદ સાથે અભિનંદન. આપણા ભાઈઓને કોઈ પણ પ્રકારની મેડિકલ સલાહ જોઈતી હોય તો યુવક મંડળના પ્રમુખ, પ્રવીણ ધીરજલાલ પોકાર વિરાણી વાળા નો સંપર્ક સાધી શકે છે.... લી. શ્રી પાટીદાર પરિવાર સમાજ બેંગલોર

સંયોજક, વસંતભાઈ ગોરાણી, ઉડુપી

ભાવભીની શ્રદ્ધાંજલી-સનાતન ધર્મ પત્રિકા

તા. ૨૧-૧૨-૨૦૨૧
સ્વ.રામદાસ મેગજી રડાણી. ઉમર ૮૬.
ગામઃ- કોટડા જ. સ્થાનિક નિવાસી. અવસાન કારણઃ-લાંબી બિમારી.

તારીખઃ ૨૨/૧૨/૨૧ બુધવાર
સ્વ.મહેન્દ્રભાઈ શિવજીભાઈ વેલાણી ઉંમર : ૫૯ વર્ષ
કચ્છ માં ગામ : નવાવાસ દુર્ગાપુર હાલઃ-વેલાણીફાર્મ,તારંગા
અવસાન કારણઃહાર્ટ એટેક

સ્વઃ ગંગાબેન ગોવિંદભાઈ પાંચાણી ઉમર વર્ષઃ ૯૦
કચ્છ માં ગામ નખત્રાણા, જુનાવાસ હાલે થાણા (મુંબઈ)

સ્વઃ પાર્વતીબેન લાલજીભાઈ પોકાર ઉંમર વર્ષ :૮૦
કચ્છમાં ગામ ઉગેડી તાલુકો નખત્રાણા સ્થાનિક

તારીખઃ ૨૩/૧૨/૨૧ ગુરુવાર
સ્વ.ગંગાબેન વીરજીભાઈ માંકાણી ઉંમર : ૮૮ વર્ષ
કચ્છ માં ગામ : નેત્રા માંતાજીના હાલઃ-બીલીમોરા અવસાન કારણઃ અવસ્થા

સ્વ.ડાહ્યાભાઈ દેવશીભાઈ ધોળુ ઉંમર : ૬૩
કચ્છ માં ગામ : મથલ હાલઃ- તલોદઅવસાન કારણ : કુદરતી

સ્વ.ડાહ્યાભાઈ દેવશીભાઈ ધોળુ ઉંમર : ૬૩
કચ્છ માં ગામ : મથલ હાલઃ- તલોદ અવસાન કારણ : કુદરતી

પરમકૃપાળુ પરમાત્મા સદગતના દિવ્ય આત્મા ને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના, શ્રી સમાજ સનાતન ધર્મ પત્રિકાની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા ભાવ પૂર્ણ શ્રદ્ધાંજલિ ૐ શાંતિ શાંતિ શાંતિ ....

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR SAMAJ
(Trust Regd. No. A-828 Kutch Dt. 6-4-1965)
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
મુખ્ય કાર્યાલય : પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ. પીન - ૩૭૦ ૬૧૫.
Head Office : Patidar Vidhyarthi Bhavan, Nakhatrana, Kutch. Pin - 370 615.
Phone : (02835) (O) 222149 Fax : 221049
E-mail : info@abkkpsamaj.org, abkkpsamajoffice49@gmail.com
Website : www.abkkpsamaj.org

ક્રમ	ગામ	સમય
૦૧	નવી મંજલ	૯:૦૦ કલાકે
૦૨	પલીવાડ	૧૦:૦૦ કલાકે
૦૩	આણંદપર (યક્ષ)	૧૧:૦૦ કલાકે
૦૪	સાંયરા(યક્ષ)	૨:૩૦ કલાકે
૦૫	દેવપર(યક્ષ)	૩:૩૦ કલાકે
૦૬	ધાવડા મોટા	૪:૩૦ કલાકે
૦૭	સાંગનારા	૫:૩૦ કલાકે
૦૮	અંગીયા	૮:૦૦ કલાકે
૦૯	નાગલપર	૯:૦૦ કલાકે

ઉપરોક્ત સંપર્ક યાત્રામાં શ્રીસમાજના હોદ્દેદારો, ઝોન સમાજના પ્રધિનીધીઓ, મહિલા સંઘ, યુવાસંઘના હોદ્દેદારો હાજર રહેશે જેથી આપની સમાજના ત્રણે પાંખના કારોબારી તેમજ સમાજના ભાઈ/બહેનો, યુવાનો/યુવતીઓને આ સભામાં ખાસ ઉપસ્થિત રહેશો.

રાધા કૃષ્ણ મંદિર પાટોત્સવ - ખેડ(રત્નાગિરી)

આજ રોજ તારીખ ૨૨.૧૨.૨૦૨૧ ના પાટીદાર ભવન અને રાધા કૃષ્ણ મંદિર નો પાટોત્સવ કચ્છ ગુજરાત સનાતન સમાજ દ્વારા ખુબ ધામ ધૂમ અને ઉલ્લાસભેર ઉજવવામાં આવેલ.

ઉત્સવની શરૂઆત રાધા કૃષ્ણ ભગવાનનો અભિષેક દાતા દ્વારા શાસ્ત્રોક્ત વિધિ થી કરાવવામાં આવેલ. ત્યારબાદ ધજા ના દાતા દ્વારા વિધિવત ધજા બદલાવવામાં આવેલ. અભિષેક અને ધજા ચઢાવ્યા બાદ સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવેલ. જેમાં દાતા ના હસ્તે સત્યનારાયણની પૂજા અર્ચના કરવામાં આવેલ.

કથા બાદ સમાજની મહિલા મંડળ દ્વારા રાધા કૃષ્ણ મંદિરમાં સુંદર અન્નકૂટ નું આયોજન કરેલ. જેમાં સમાજના પ્રત્યેક ઘરમાંથી ભગવાન માટે જાતજાતના વ્યંજનો બનાવી લાવેલા હતા. આ વાનગીઓ ને મહિલા મંડળ દ્વારા સુંદર રીતે સજાવવામાં આવેલ. સત્યનારાયણ ની કથા બાદ મહાઆરતી કરવામાં આવેલ. ત્યારબાદ સમાજ જનો એ ભગવાનના અને અન્નકૂટ દર્શન લાભ લીધેલ હતો અને અંતે મહાપ્રસાદ અને અન્નકૂટ પ્રસાદના લાભ સાથે ઘણા વખત પછી સમુહ ભોજનનો આનંદ માણેલ હતો.

સંયોજક : વિનોદ પોકાર..

॥ ભાવપૂર્ણ શ્રધ્ધાજંલી ॥

સ્વ. કંકુબેન રતનશીભાઈ ચોધરી,
જ. તા. ૧૭:૦૩:૧૯૪૦, અ.તા. ૨૧:૧૨:૨૦૨૧.
ઈન્દોર-દાવનગિરિ, કચ્છમાં હરીપર (વાલ્કા).

અમારાં પરિવાર ના માં તથા નાનીમા હતા. સૌની સાથે હળીમળીને રહેવું. હસતો ચહેરો. પણ અચાનક અનંતની યાત્રાએ બધાને ખબર વગર પરમ ધામ સિધાવી ગયા. ઘરમાં મા તથા નાનીમા ના ચહેરા ને સૌ શોધે છે. પણ હતાશા મળે છે. ઈશ્વર ની ઈચ્છા આગળ આપણે પામર માનવી લાચાર છીએ. પરંમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્મા ને સદ્ગતી એવમ્ શાંતિ પ્રદાન કરે એવી આપણે સૌ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ તથા મા ઉમિયા પાસે કરબધ પ્રાર્થના કરી એ. ૐ શાંતિ શાંતિ શાંતિ

શોકાતુર પરિવાર
પતિ સ્વ. રતનશીભાઈ સોમજીભાઈ ચોધરી ઈન્દોર- દાવનગિરિ
દિકરી જમાઈ રંજનાબેન દામોદરભાઈ લિંબાણી
દોઈત્રો વહું જાગૃતિ જયેશકુમાર લિંબાણી દાવનગિરિ
દોઈત્રી જમાઈ ડો. કંચન ડો. કરણકુમાર સાંખલા સિકન્દરાબાદ.
શ્રી ભગવાન સો મીલ બાંબુ બઝાર નંબર-૭૦૭
દાવનગિરિ ૫૭૭૦૦૧, મો. નં. ૯૮૪૫૨૬૩૦૦૧ (દામોદરભાઈ)

સંજય ભાવાણી સુરત પ્લેટલેટના ડોનેશન માટે હંમેશા સતર્ક..

"પ્લેટલેટ દાતા" સુરત રક્તદાન બેક માંથી

તા - ૨૧-૧૨-૨૦૨૧ મંગળવારે સાંજે ૫:૦૦ કલાકે, અજાણી વ્યક્તિ માટે લોહીના પ્લેટલેટ ની જરૂરિયાત નો ફોન આવતા ત્વરિત જ હા પાડી પ્લેટલેટ ના દાતા બની ખરેખરા માનવ ધર્મની રાહ ચીંધવા બદલ સુરત યુવક મંડળના મહામંત્રી સંજય ભાવાણીને ખુબ ખુબ અભિનંદન સાથે સુભેચ્છા.

ત્રણ મહિના પહેલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજી ના જન્મદિવસે સુરત યુવક મંડળ આયોજીત મેધા બ્લડ-ડોનેશન કેમ્પમાં ૩૧મી વખત રક્ત નુ દાન કરેલ જેની નોંધ પણ સર્વેએ લીધેલ હતી. તમામ યુવા મિત્રોને પ્રેરક કાર્યનું પ્રોત્સાહન આપવા બદલ આભાર..

સૅંયોજક-ભવન જાદવાણી, કામરેજ સુરત

૨૪ ડિસેમ્બર રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ

ઉપભોક્તા મામલે વિભાગ DEPARTMENT OF CONSUMER AFFAIRS | Azadi Ka Amrit Mahotsav | JAGO GRAHAK JAGO

૨૪ ડિસેમ્બરના રોજ રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસના રોજ સમગ્ર ભારતમાં તમામ ગ્રાહકોના અધિકારોની ઉજવણી કરવામાં આવે છે અને તેનો પ્રચાર કરવામાં આવે છે. ગ્રાહક માલસામાનની ખરીદી અને વેચાણમાં સૌથી વધુ સત્તા ધરાવે છે અને જ્યાં પશ્ચિમ ના દેશો મા ઉપભોક્તા અધિકારોને યોગ્ય રીતે સ્થાપિત કર્યા છે, ત્યાં ભારત હજુ પણ તેના ગ્રાહક ના રાષ્ટ્રીય હિત ને પ્રકાશિત કરવા માટે પ્રયત્નશીલ છે. ગ્રાહક ચળવળ અને તેની સાથે એકતામાં ઊભા રહો. ઈ-કોમર્સ વધુને વધુ લોકપ્રિયતા મેળવતા હોવાથી, ગ્રાહકો માટે તેમના અધિકારો તેમજ તેમની જવાબદારીઓ વિશે જાગૃત રહેવું અને તેનો ઉપયોગ કરવો મહત્વપૂર્ણ છે.

રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસનો ઇતિહાસ

ભારતમાં, જ્યારે ૧૯૮૬નો ગ્રાહક સુરક્ષા કાયદો ઘડવામાં આવ્યો ત્યારે ગ્રાહકોના અધિકારોને ગંભીરતાથી લેવામાં આવ્યા હતા. આ બિલનો ઉદ્દેશ્ય ગ્રાહકને ખામીયુક્ત માલના વેચાણ, અયોગ્ય વેપાર, છેતરપિંડી અને સેવાઓમાં ઉણપ જેવા શોષણ સામે રક્ષણ આપવાનો હતો.

વર્ષોથી, ભારતના અર્થતંત્રમાં પરિવર્તન આવ્યું છે, જેમાં કેટલાં ભારતીયો ખરીદી કરે છે તેમાં નોંધપાત્ર ફેરફાર થયો છે. આ વધતી બજાર સ્પર્ધા, નવીનતાઓ અને ઈ-કોમર્સ સેવાઓની વધતી હાજરીનું પરિણામ છે. જેણે ગ્રાહકો માટે ઉપલબ્ધ વિકલ્પોનો વિસ્તાર કર્યો. તેથી ગ્રાહકની અજમાયશ-અને-વિશ્વાસપાત્ર ટેવો ખોરવાઈ ગઈ છે, જેણે ગ્રાહક સુરક્ષા અધિનિયમને સુધારવાની અને સુધારવાની જરૂરિયાત ઊભી કરી છે.

આ ગતિશીલ અને અદ્યતન બજારને પરિપ્રેક્ષ્યમાં લઈ,ભારતની સંસદે ૬ ઓગસ્ટ, ૨૦૧૯ ના રોજ અપડેટ કરેલ ગ્રાહક સુરક્ષા બિલ પસાર કર્યું.

સામાન્ય રીતે CPA ૨૦૧૯ તરીકે ઓળખાતા આ ખરડાને ૯ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ ભારતના રાષ્ટ્રપતિ પાસેથી મંજૂરી મળી હતી. ત્યારબાદ, ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે CPA ૨૦૧૯ અમલમાં આવવા માટે ૨૦ જુલાઈ, ૨૦૨૦ ના રોજ જાહેરાત કરી હતી.

૧૯૮૬ અને ૨૦૧૯ બંનેના ગ્રાહક સુરક્ષા અધિનિયમો માહિતી અધિકાર અધિનિયમ દ્વારા પૂરક છે, જેણે ભારતની શાસન પ્રક્રિયાઓને નાગરિકો માટે પારદર્શક બનાવી છે અને ગ્રાહક અધિકારો માટે વિશાળ અસરોનો સમાવેશ કર્યો છે. આમાં સલામતીનો અધિકાર, માહિતીનો અધિકાર, પસંદગીનો અધિકાર અને ઉપભોક્તા શિક્ષણનો અધિકાર સામેલ છે.

દર વર્ષે થીમ્સ પણ જોવામાં આવે છે. નવીનતમ થીમ 'વૈકલ્પિક ગ્રાહક ફરિયાદ/વિવાદ નિવારણ' હતી.

ગ્રાહક અધિકાર દિવસનો વિચાર વૈશ્વિક સ્તરે પણ મનાવવામાં આવે છે. પ્રમુખ જહોન એફ. કેનેડી દ્વારા પ્રેરિત, યુનાઈટેડ નેશન્સ દ્વારા ગ્રાહક સુરક્ષા માટે સામાન્ય માર્ગદર્શિકા નક્કી કરવામાં આવી હતી. ૧૯૮૩ માં, ૧૫ માર્ચને વિશ્વ ગ્રાહક અધિકાર દિવસની વાર્ષિક ઉજવણી તરીકે નક્કી કરવામાં આવ્યો.

પુરુષોત્તમ માકાણી ગોવા

www.jeevansparsh.com

- Corporate Club Member - LIC OF INDIA
- TOT, COT & MDRT (USA) Qualifier Member Since 2002
- Life Member of MDRT (USA)
- "Area Chair for Central INDIA" of MDRT MCC Committee

BRIJESH PATEL
INSURANCE & INVESTMENT CONSULTANT

Insurance Planning | Wealth Management | Prudent Advice | Technology Enabled

All above, with best in class servicing

LIC भारतीय जीवन बीमा निगम LIFE INSURANCE CORPORATION OF INDIA | Qualifying & Life Member MDRT®

JEEVAN SPARSH
E-73 Sector-I, Devendra Nagar, Raipur (C.G.), Tel. : 0771-2524774, 4044774
Mob. : 94252 04774, 95841 47000, E-mail: jeevansparsh@gmail.com,
सही सलाह हर बार...

प्रचार प्रसार जागृत उजागर

ગ્રામ પંચાયત ૨૦ મુદ્દા અમલીકરણમાં સરપંચ ની સત્તા અને ફરજો

નવા ચુંટાયેલા સરપંચો અને સભ્યોને ખુબ ખુબ અભિનંદન અને શુભેચ્છાઓ.

ગ્રામ પંચાયતોનું ખૂબ જ અગત્યનું રેકર્ડ અને વિગતો જે સંબંધે ગામનાં તમામે તમામ નાગરિકને જાણ હોવી ખુબ જ જરૂરી છે. ગામના એક નાગરિક તરીકે પારદર્શિતાનો અભાવ હોય તો સમજવું કે ગામનો વિકાસ જોજનો દૂર છે.

ગામના વિકાસ માટે નિમ્ન લિખિત વીસ મુદ્દાનો નવા ચુંટાયેલા સરપંચો, સભ્યો સાથે સાથે પ્રત્યેક નાગરિકને પણ ખ્યાલ હોવો જરૂરી છે.

૧.ગ્રામપંચાયત સામાન્ય સભા ઠરાવ બુક
૨.ગ્રામસભાની ઠરાવ બુક
૩.ગ્રામસભા અને સામાન્ય સભાનાં હાજરી પત્રકો
૪.મિલકત રજીસ્ટર
૫.દબાણ રજીસ્ટર
૬.પંચાયતના હિસાબોનો રોજમેળ
૭.આકારણી રજીસ્ટર
૮.પંચાયતના વિવિધ ખર્ચોના વાઉચર
૯.આવાસ રજીસ્ટર
૧૦.પંચાયતનાં બેંકખાતા પાસબુક
૧૧.સ્વભંડોળનાં ખર્ચની વિગતો
૧૨.બજેટ
૧૩.વાર્ષિક હિસાબો
૧૪.નરેગા જોબકાર્ડ ધારકોની યાદી
૧૫.એપીએલ બીપીએલ લાભાર્થીઓની યાદી
૧૬.મળવાપાત્ર રાશન અને ઉપલબ્ધ જથ્થો
૧૭.વિકાસકામો વાઈઝ ફાઈલ્સ
૧૮.પંચાયતે ઊભી કરેલી મિલકતો અને થતી આવક અને તેનાં હિસાબો
૧૯.પંચાયત વેરા અને આવક
૨૦.વિવિધ ગ્રાંટ્સ

ઉપરોક્ત મુદ્દાઓ ના અમલીકરણ અંગે સરપંચ સહિત ના સભ્યો દ્વારા ઉદાસીનતા દાખવવામાં આવે ત્યારે એક જાગૃત નાગરિકે તેમનું ધ્યાન દોરવું જોઈએ તેના માટે આ વીસ સુત્રી કાર્યક્રમ અંગે માહિતગાર હોવું જરૂરી છે. ગામના વિકાસ માટે સરપંચો, સભ્યો સાથે નાગરિકોની પણ એટલીજ જવાબદારી છે. કા.વા.રા.